

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-43 ■ તા. 09-11-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ટ્રાન્સપરન્ટ ટ્રાઈબનો સાઈબર વોરઃ પાકિસ્તાની સપોર્ટેડ હેકર્સે ભારતને નિશાન બનાવ્યું

નવી દિલ્હી,

ઈન્ડિયાની ઈન્ટેલિજન્સ એજન્સી દ્વારા ચિંતા વ્યકત કરવામાં આવી છે કે પાકિસ્તાન દ્વારા મદદ કરવામાં આવતાં હેકર્સના ગ્રુપ દ્વારા ભારતની સરકારી સિસ્ટમ પર સ્પાયવેર અટેક કરવામાં આવ્યો છે. આ ગ્રુપ પોતાને ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ તરીકે ઓળખાવે છે. આ ગ્રુપ સતત સરકારી અને મિલિટરી સિસ્ટમને એડવાન્સ સ્પાયવેર દ્વારા અટેક કરી રહ્યું છે. આ સ્પાયવેરને **DeskRAT** તરીકે ઓળખવામાં આવે છે. ઈન્ટેલિજન્સના એક સોર્સને જણાવવામાં આવ્યું હતું કે આ ગ્રુપ દ્વારા તેમની ક્ષમતાને અપગ્રેડ કરવામાં આવી છે. તેઓ હવે કલાઉડ આધારિત સિસ્ટમ જેવી કે ગૂગલ ડ્રાઈવની જગ્યાએ પ્રાઈવેટ સર્વરનો ઉપયોગ કરી રહ્યાં છે.ભારતની સિસ્ટમને હેક કરીને લદ્દાખમાં આવેલી બોર્ડર પર ટેન્શન વધારવાની કોશિશ કરવામાં આવી રહી છે. આ ગ્રુપ દ્વારા ચીનની મિલિટરી મૂવમેન્ટ પર પણ નજર રાખવામાં આવી રહી છે. આ માટે તેઓ સરકારી ઓફિસરના ઈમેલ હેક કરી રહ્યાં છે અને તેમના જેવા અન્ય ઈમેલ એડ્રેસ, **ZIP** આર્કાઈવ અને ડોક્યુમેન્ટનો ઉપયોગ સરકારી નોટિસ અથવા તો ઈન્ટેલિજન્સ બ્રીફિંગ મોકલી રહ્યાં છે. આ દ્વારા તેઓ મેલિશિયસ સોફ્ટવેરને ઈન્સ્ટોલ કરવા માટેની કોશિશ કરી રહ્યાં છે. આ અટેક્સ પ્રોટેસ્ટ, સિક્યોરિટી એલર્ટ અને બોર્ડર પર કોઈ ઘટના થઈ હોય એ આધારે કરવામાં આવી રહ્યાં છે. આથી સત્તાધિકારીઓ આ અટેચમેન્ટને ઓપન કરે જેનાથી નવી અપડેટ્સ મળી શકે. આ અપડેટ્સ માટે તેઓ જ્યારે ઈમેલ ઓપન કરે ત્યારે સોફ્ટવેર ઈન્સ્ટોલ થઈ જાય છે.**DeskRAT** એક વાર ઈન્સ્ટોલ થઈ ગયા બાદ હેકર્સ દ્વારા ડેટાની ચોરી કરવામાં આવી રહી છે. આ મેલિશિયસ સોફ્ટવેર ખૂબ જ પાવરફુલ છે. એનાથી **BOSS Linux** સિસ્ટમ દ્વારા રિમોટ એક્સેસ કરવામાં આવે છે. આ દ્વારા તેઓ ચૂપકેથી ફાઈલ્સ જોઈ શકે છે, ડોક્યુમેન્ટની કોપી કરાવી શકે છે અને તમામ એક્ટિવિટીને મોનિટર પણ કરી શકે છે.

કોઈને ખબર પણ ન પડે એ રીતે તેઓ ઈન્ટેલિજન્સની ચોરી કરી શકે છે. આ મેલવેર સિસ્ટમ ક્રેશ નથી કરતું, પરંતુ ફક્ત ડેટા ચોરી કરે છે, સ્ટ્રેટેજિક પ્લાન બનાવે છે અને પાસવર્ડની ચોરી કરે છે. આ ડેટા ચોરી મહિનાઓ સુધી કરવામાં આવે છે. ઈન્ટેલિજન્સ ઓફિસર દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે ટ્રાન્સપરન્ટ ટ્રાઈબના અટેક પહેલાં કરતા વધુ ઝડપી અને ઘાતકી બની ગયા છે અને તેમને ઓળખવા પણ મુશ્કેલ છે.આ ગ્રુપ દ્વારા **AI** નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એના દ્વારા મેલવેરને સિસ્ટમમાં દાખલ કરવામાં આવે છે. એના કારણે તેમનો સમય ખૂબ જ બચી




રહ્યો છે અને તેઓ ઝડપથી અટેક કરી રહ્યાં છે. આ કારણસર તેઓ ખૂબ જ ઝડપથી નવા-નવા મેલવેર બનાવી રહ્યાં છે જેના દ્વારા તેઓ વધુ ખતરનાક બની રહ્યાં છે. આ પ્રકારના અટેકનો સામનો કરવા માટે ટ્રેડિશનલ સાઈબરસિક્યોરિટી પણ કામ નથી આવતી. આ પ્રકારના અટેકની સામે રક્ષણ માટે ઓટોમેટિક ડિટેક્ટ કરી પ્રોટેક્ટ કરવામાં આવે એવા ટૂલની જરૂર છે.ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ પહેલાં ફિશિંગ અટેક્સ સાથે સંડોવાયેલા હતા. તેઓ **Crimson RAT** મેલવેર ડિસ્ટ્રિબ્યુટ કરવા માટે જાણીતા હતા. પાવરપોઈન્ટ અને **PDF** ફાઈલ દ્વારા તેઓ સિક્યોરિટી સાથે છેડછાડ કરતાં હતા. તેઓ ખોટા સરકારી મેસેજ ફેરવી રહ્યાં હતાં અને ત્યાર બાદ સરકારી ઓફિસરને ભેરવી રહ્યાં હતાં.

# કેટલાક લોકો પાણીમાં ડૂબકી લગાવીને ચૂંટણીમાં ડૂબવાની પ્રેક્ટિસ કરી રહ્યા છે

બેગુસરાય,


કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તાજેતરમાં જ બેગુસરાયમાં માછીમાર સમુદાયની મુલાકાત દરમિયાન તળાવમાં ડૂબકી લગાવી હતી. આ વીડિયોનો ઉલ્લેખ કરીને, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના સીતામઢીમાં એક ચૂંટણી રેલી દરમિયાન કટાક્ષ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું કે કેટલાક મોટા-મોટા લોકો બિહારમાં પાણીમાં ડૂબકી લગાવીને ચૂંટણીમાં ડૂબવાની પ્રેક્ટિસ કરી રહ્યા છે.

રાહુલ ગાંધીના તળાવમાં છલાંગ લગાવવા પર પીએમ મોદીએ કટાક્ષ કરતા કહ્યું કે કેટલાક, મોટા-મોટા લોકો હવે બિહારમાં માછલી જોવા અને પાણીમાં ડૂબકી લગાવવા માટે આવી રહ્યા છે.

તેઓ બિહારની ચૂંટણીમાં ડૂબવાની પ્રેક્ટિસ કરી રહ્યા છે.

રાહુલ ગાંધી થોડા દિવસો પહેલા બેગુસરાયમાં માછીમાર સમુદાયને મળવા ગયા હતા.

ત્યાં રેલી પૂર્ણ કર્યા બાદ, તેઓ નજીકના તળાવમાં પહોંચ્યા અને હોડી



દ્વારા વચ્ચે જઈને પાણીમાં ડૂબકી લગાવી હતી.

આ દરમિયાન, પૂર્વ મંત્રી મુકેશ સહનીએ સાથે જાળ નાખી હતી, જેનાથી રાહુલ ગાંધી ઘણા પ્રભાવિત થયા હતા.

કનૈયા કુમાર અને અન્ય ઘણા માછીમારો પણ કમર સુધીના કાદવવાળા પાણીમાં ઉતર્યા હતા.

વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધી પર કટાક્ષ કર્યા બાદ, બિહારના ઈન્ડિયાના નેતૃત્વવાળા વિપક્ષ પર પણ નિશાન સાધ્યું. તેમણે ચેતવણી આપી કે, જો વિપક્ષની સરકાર બનશે, તો તેઓ કટ્ટા (દેશી પિસ્તોલ) બતાવીને લોકોને ડરાવશે અને હાથ ઉપર કરાવશે. આ સાથે જ પીએમ મોદીએ આકરી ટીકા કરતા કહ્યું કે, ઈન્ડિયા પોતાની રેલીઓમાં બાળકો પાસે રંગદાર (ગુંડા) બનવાની વાત કરાવે છે. બિહારને કટ્ટા, કુશાસન, ક્રૂરતા અને ભ્રષ્ટાચારવાળી સરકાર ન જોઈએ. વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું કે, જનતા કટ્ટા સરકાર નહીં, પણ રાજગ સરકાર **(NDA)** ઈચ્છે છે. લોકોને હેન્ડ્સ અપ કરાવતી નહીં, પણ સ્ટાર્ટ-અપને પ્રોત્સાહન આપતી સરકાર જોઈએ છે. **NDA** કટ્ટાને બદલે સ્કૂલ બેગ, કમ્પ્યુટર અને સ્પોર્ટ્સ સાધનોને પ્રોત્સાહન આપે છે.

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ૧૧મી નવેમ્બરે મતદાન થવાનું છે. પહેલા તબક્કા દરમિયાન ૬ નવેમ્બરે ૬૪.૬૯% મતદાન થયું હતું. વિપક્ષ આ વધેલા મતદાનને **NDA** વિરુદ્ધ જન-સમર્થન તરીકે જોઈ રહ્યો છે. જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે કહ્યું કે વોટિંગ વધવું એ સંકેત આપે છે કે લોકો પરિવર્તન ઈચ્છે છે.

# અમેરિકાના પ્રતિબંધોને કારણે રશિયાએ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો કર્યો

મોસ્કો,

રશિયા અને અમેરિકા પણ અત્યારે એકબીજાના વિરોધમાં ચાલી રહ્યાં છે. ડોનાલ્ડ ટ્રમ્પના પ્રતિબંધો હવે રશિયાની મુખ્ય તેલ કંપનીઓ પર અમલમાં આવવા લાગ્યા છે. રશિયાના તેલના બે સૌથી મોટા ખરીદદારો ભારત અને ચીને ટ્રમ્પ દ્વારા પ્રતિબંધિત રશિયન તેલ કંપનીઓ રોઝનેફ્ટ અને લુકોઈલ પાસેથી તેમની ખરીદી ઓછી કરી હોવાના અહેવાલો મળ્યાં છે. વેપારમાં સતત આવી રહેલા ઘટાડાના કારણે રશિયાએ તેલના ભાવમાં ઘટાડો કર્યો હોવાના પણ અહેવાલો મળ્યા છે.મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે રશિયાએ ભારત અને ચીનને તેલની ખરીદી પર ડિસ્કાઉન્ટ વધારી દીધું છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો રશિયાની મોટી કંપની યુરલ્સ ક્રૂડ ઓઈલનો ભાવ ડિસેમ્બર ડિલિવરીના બ્રેન્ટ ઓઈલના ભાવ કરતાં લગભગ પ્રતિ બેરલે 4 ડોલર ઘટી ગયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ રશિયાની તેલ કંપની લ્યુકોઈલ અને રોઝનેફ્ટ પર કડક પ્રતિબંધો લગાવ્યાં હતાં. એટલું જ નહીં, 21 નવેમ્બર સુધી આ કંપનીઓ પાસેથી તમામ પ્રકારનો વેપાર બંધ કર્યો હતો. જેની અસર હવે જોવા મળી રહી છે. જોકે, તેના કારણે ભારતને ફાયદો થશે તેવુ નિષ્ણાતો માની રહ્યાં છે.ભારતની પાંચ કંપનીઓ રશિયન તેલ આયાતમાં આશરે 65% હિસ્સો ધરાવે છે. જેમાં અમેરિકાના પ્રતિબંધો બાદ મુખ્ય ભારતીય રિફાઈનર્સ – હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, મેંગલોર રિફાઈનરી અને પેટ્રોકેમિકલ્સ, **HPCL**-મિત્તલ એનર્જી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ડિસેમ્બર ડિલિવરી માટે રશિયન તેલના ઓર્ડર અટકાવી દીધા હતાં. આ સાથે ચીનની પણ સરકારી તેલ કંપનીઓએ રશિયા પાસેથી તેલની ખરીદી થોડા સમય માટે બંધ કરી દીધી હતી. આ કારણે રશિયાને મોટું નુકસાન થઈ રહ્યું છે. શાયદ એટલા માટે અત્યારે તેલની ખરીદી પર છૂટ આપવામાં આવી રહી છે.અત્યારે રશિયામાં સ્થિતિ ખૂબ જ વિકટ બની છે.

રશિયાનું બજાર હવે બે વિભાગમાં વેચાઈ ગયું છે. જે કંપનીઓ પર પ્રતિબંધ નથી તે કંપનીઓનું તેલ ઊંચી કિંમતે વેચાઈ રહ્યું છે, જ્યારે જે કંપની પર પ્રતિબંધ નથી તેઓ ખરીદી પર છૂટ આપવા માટે મજબૂર બની છે. થોડી સમયમાં રશિયાના રાષ્ટ્રપતિ ભારતના પ્રવાસે આવતા હોવાની વાતો ચાલી રહી છે, તેમાં ભારતમાં રશિયાના તેલની માંગ ઘટતી હોવાના અહેવાલો મળી રહ્યાં છે.અમેરિકાએ ભારત પર દબાણ કર્યું હતું કે, ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરે પરંતુ ભારતે તેનો જવાબ આપી દીધો હતો. છતાં પણ અમેરિકા અત્યારે ભારત અને ચીન પર રશિયાનું તેલ નહીં ખરીદવા માટે દબાણ કરી રહ્યું છે. આ મામલે વિશ્લેષકોનું કહેવું છે કે વધતી જતી ડિસ્કાઉન્ટની શરતો રશિયાની આર્થિક સ્થિતિને વધુ નબળી બનાવી શકે છે, પરંતુ મૂળ વાત એ છે કે રશિયા પાસે બીજો કોઈ વિકલ્પ પણ નથી.

# પીએમ મોદીએ વારાણસી રેલ્વે સ્ટેશનથી ચાર નવી વંદે ભારત ટ્રેનોનું ઉદ્ઘાટન કર્યું

વારાણસી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને ચાર નવી વંદે ભારત ટ્રેનોની ભેટ આપી. વારાણસી-ખજુરાહો, લખનૌ-સહારનપુર, ફિરોઝપુર-દિલ્હી અને એર્નાકુલમ-બેંગલુરુ રૂટ પર દોડતી આ ટ્રેનોનું ઉદ્ઘાટન પીએમ મોદીએ પોતે લીલી ઝંડી આપીને કર્યું. તેમણે ઝંડી લહેરાવતા જ સ્ટેશન પર મુસાફરોએ "હર હર મહાદેવ" ના નારા સાથે ઉત્સવનો માહોલ સર્જી દીધો.

પ્રધાનમંત્રી મોદી વારાણસી રેલ્વે સ્ટેશન પર પહોંચ્યા ત્યારે ભાજપના કાર્યકરો અને સામાન્ય જનતા દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સ્ટેશન પરિસર "હર હર મહાદેવ" ના નારાઓથી ગુંજી ઉઠ્યું.

રેલ્વે સ્ટાફ અને સુરક્ષા કર્મચારીઓએ પણ સુગમ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ સહયોગ આપ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "વિશ્વભરના વિકસિત દેશોમાં માળખાગત સુવિધાઓ આર્થિક વિકાસનો મુખ્ય ચાલક રહ્યો છે. જે દેશોમાં ખૂબ પ્રગતિ અને વિકાસ થયો છે, ત્યાં માળખાગત સુવિધાઓનો વિકાસ તેમની પ્રગતિ પાછળ એક મુખ્ય પરિબળ રહ્યો છે. બનેલા એરપોર્ટની સંખ્યા, દોડતી વંદે ભારત ટ્રેનોની સંખ્યા - આ બધી બાબતો વિકાસ સાથે જોડાયેલી છે." તેમણે ઉમેર્યું કે વિદેશી પ્રવાસીઓ પણ હવે વંદે ભારત જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ ટ્રેનો સીમાચિહ્નરૂપ સાબિત થશે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, "આજે, ભારત પણ આ માર્ગ પર ખૂબ જ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. આ ક્રમમાં, આજે દેશના વિવિધ ભાગોમાં નવી વંદે ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી રહી છે."

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે મોટાભાગના દેશોના વિકાસમાં



માળખાગત સુવિધાઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

કોઈ શહેરને સારી કનેક્ટિવિટી મળતાં જ તેનો વિકાસ આપમેળે ઝડપી બને છે.

માળખાગત સુવિધાઓ ફક્ત મોટા પુલ અને હાઈવે સુધી મર્યાદિત નથી. પીએમ મોદીએ નોંધ્યું કે કાશીથી ખજુરાહો વંદે ભારત ઉપરાંત, ફિરોઝપુર-દિલ્હી વંદે ભારત, લખનૌ-સહારનપુર વંદે ભારત અને એર્નાકુલમ-બેંગલુરુ વંદે ભારતને લીલી ઝંડી આપવામાં આવી છે. આ ચાર નવી વંદે ભારત ટ્રેનો સાથે, દેશમાં હવે ૧૬૦ થી વધુ નવી વંદે ભારત ટ્રેનો કાર્યરત છે. ચાર નવી ટ્રેનમાં બનારસ–ખજુરાહો વંદે ભારત એક્સપ્રેસ સૌથી મહત્ત્વપૂર્ણ છે, જે કાશી અને સમગ્ર પૂર્વાંચલ માટે મોટી ભેટ ગણાય છે.

આ ટ્રેન બનારસ, પ્રયાગરાજ, ચિત્રકૂટ અને ખજુરાહો જેવા ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોને જોડીને ધાર્મિક પર્યટનને નવી ગતિ આપશે. આ નવી વંદે ભારત સેવા મુસાફરોને વર્તમાન સ્પેશિયલ ટ્રેનોની તુલનામાં લગભગ ૨ કલાક ૪૦ મિનિટનો સમય બચાવીને ઝડપી, આરામદાયક અને આધુનિક યાત્રાનો અનુભવ આપશે.

કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે વારાણસી સ્ટેશનનું નિરીક્ષણ કર્યું અને કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વારાણસી સ્ટેશનથી ચાર વંદે ભારત સેવાઓને લીલી ઝંડી બતાવી.

આ તમામ સેવાઓ મુસાફરોને સુવિધા પ્રદાન કરશે. ભલે તે અમૃત ભારત ટ્રેન હોય, નમો ભારત હોય કે વંદે ભારત, મુસાફરોની સુવિધા પર ધ્યાન કેન્દ્રિત કરીને નવી પેઢીની ટ્રેનો સતત શરૂ કરવામાં આવી રહી છે.

# કચરામાંથી મળી VVPAT ની હજારો સ્લિપ ચૂંટણી પંચ પર મોટો સવાલ

પટણા,

બિહાર વિધાનસભા ચૂંટણી મતવિસ્તારમાં જ્યાં મતદાન થઈ ચૂક્યું છે, ત્યાં સ્ટ્રોંગ રૂમની સુરક્ષા અને **EVM** મશીનોની જાળવણી માટે મોટી સંખ્યામાં લોકો તૈનાત છે. આમાં પોલીસ કર્મચારીઓ અને પાર્ટીના કાર્યકરો પણ હાજર છે. આ દરમિયાન, સમસ્તીપુરથી મોટા સમાચાર સામે આવ્યા છે. સરૈરંજન વિધાનસભા મતવિસ્તારના શીતલપટ્ટી ગામ પાસે હજારો **VVPAT** સ્લિપ કચરામાંથી મળી આવી છે. આ ઘટનાનો એક વીડિયો રાષ્ટ્રીય જનતા દળના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી પણ શેર કરવામાં આવ્યો છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, તે સમસ્તીપુરના સરૈરંજન વિધાનસભા મતવિસ્તારનો છે. વીડિયો શેર કરતા **RJD**એ લખ્યું છે કે, "સમસ્તીપુરના સરૈરંજન વિધાનસભા મતવિસ્તારમાં **KSR** કોલેજ પાસે રસ્તા પર મોટી સંખ્યામાં **EVM**માંથી **VVPAT** સ્લિપ ફેંકવામાં આવી હતી. આ સ્લિપ ક્યારે, કેવી રીતે, શા માટે અને કોના ઈશારે ફેંકવામાં આવી? શું ચૂંટણી પંચ આનો જવાબ આપશે? શું આ બધું લોકશાહીના લૂંટારાના ઈશારે થઈ રહ્યું છે, જે બહારથી આવીને બિહારમાં ધામા નાખી રહ્યા છે? જણાવી દઈએ કે, આ વિધાનસભા મતવિસ્તાર માટે મતદાન ૬ નવેમ્બરના રોજ થયું હતું. મતદાનના બે દિવસ પછી જ શીતલપટ્ટી ગામમાં કચરામાં **VVPAT** સ્લિપ મળી આવી હતી. આનાથી ચૂંટણી પંચ પર પ્રશ્નો ઉભા થયા છે. જ્યારે વિવાદ વધ્યો, ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને આ મામલાની તપાસ કરવાનું વચન આપ્યું હતું.

આ બાબત અંગે, મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું છે કે, સમસ્તીપુરના જિલ્લા મેજિસ્ટ્રેટને સ્થળ પર તપાસ કરવા સૂચના આપવામાં આવી છે.

આ મોક પોલમાંથી મળેલી **VVPAT** સ્લિપ છે, મતદાન પ્રક્રિયાની અખંડિતતા જળવાઈ રહી છે. જિલ્લા મેજિસ્ટ્રેટે ચૂંટણી લડતા ઉમેદવારોને પણ જાણ કરી છે. જોકે, સંબંધિત **ARO** ને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવી રહ્યા છે અને **FIR** દાખલ કરવામાં આવી રહી છે.**RJD** એ તેના **X** હેન્ડલ પરથી અન્ય એક વીડિયો પોસ્ટ કર્યો છે.

જેમાં વૈશાલી જિલ્લાના હાજીપુર સ્થિત સ્ટ્રોંગ રૂમમાં ગેરરીતિના આરોપો લગાવવામાં આવ્યા છે.

વીડિયોમાં રાત્રે એક પિકઅપ વાન સ્ટ્રોંગ રૂમમાં પ્રવેશતી દેખાઈ રહી છે. એવો પણ આરોપ છે કે, વાહન નીકળતી વખતે **CCTV** કેમેરા બંધ કરી દેવામાં આવ્યા હતા.

વીડિયોમાં જોઈ શકાય છે કે, મોટી સ્ક્રીનોમાં એક સ્ક્રીન બંધ છે. બાકીની સ્ક્રીનો ચાલુ છે અને **RJD** એ તેના **X** હેન્ડલ પર એમ પણ લખ્યું છે કે, વૈશાલી જિલ્લાના હાજીપુર સ્થિત સ્ટ્રોંગ રૂમમાં, વિવિધ વિધાનસભા મતવિસ્તારના **CCTV** એક પછી એક બંધ કરવામાં આવે છે.

મધ્યરાત્રિએ અહીંથી પિકઅપ વાન પ્રવેશ કરે છે અને જાય છે. આવું થઈ રહ્યું છે. તેમણે ભારતના ચૂંટણી પંચને ટેગ કરીને આ અંગે જવાબ માંગ્યો છે.

## તંત્રી લેખ

# ખેડૂતને વાગ્યો માવઠાનો માર

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો તૈયાર પાક નાશ પામ્યો છે. મગફળી અને કપાસની ઉપજ લેવાના સમયે જ રાજ્યમાં માવઠાનો માર જોવા મળ્યો હતો. એક અઠવાડિયા સુધી પડેલા માવઠાના કારણે ઘણા જિલ્લામાં ખેડૂતોને વ્યાપક નુકસાન થયું છે.

આવામાં ઘણા ખેડૂતો નિરાશ થયા છે. તૈયાર પાક નાશ પામતા આ પાકને ખેતરમાંથી લેવાનો ખર્ચો પણ માથે પડે તેમ છે. જે કારણે ખેડૂતો આ પાક સળગાવી દેવા માટે મજબૂર બન્યા છે.અમરેલી જિલ્લામાં સૌથી વધુ કમોસમી વરસાદ નોંધાયો હતો. જે કારણે ખેડૂતોને વ્યાપક નુકસાન થયું છે. અમરેલીના સાવરકુંડલા તાલુકાના શાંતિનગર ગામના ખેડૂતે મગફળીનું વાવેતર કર્યું હતું. જે કમોસમી વરસાદના કારણે તૈયાર પાક લેવામાં આવે તે પહેલા જ માવઠાના કારણે પાકને મોટાપાયે નુકસાન થયું હતું. આ પાકને લેવાનો ખર્ચો અને મજૂરી વધારે હોવાના કારણે આ ખેડૂતો મગફળીના પાથરા સળગાવી દીધા હતા. ખેડૂતોના જણાવ્યા અનુસાર, જો હવે આ મગફળીને બહાર લઈ જવામાં આવે તો તેમાં પણ મજૂરી લાગે છે. જે કારણે હવે ખેતરોમાં જ આ પાક બાળીને સરકાર સામે પોતાનો રોષ પ્રગટ કરી રહ્યા છે. ખેડૂતો સરકાર પાસે રાહત પેકેજની તાકીદે માંગ કરી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે રાજ્યમાં સૌથી વધુ મગફળીનું વાવેતર કરવામાં આવ્યું હતું. રાજ્યમાં ૨૨ લાખ હેક્ટર વિસ્તારમાં ખેડૂતો દ્વારા મગફળીનું વાવેતર કરવામાં આવ્યું હતું. જે ગત વર્ષની સરખામણીમાં ૨૫ ટકા વધુ છે. અને વર્ષ ૨૦૧૭-૧૯ કરતા ત્રણ ગણું છે. માવઠા પહેલા રાજ્યમાં ૬૬ લાખ મેટ્રિક ટન મગફળીના ઉત્પાદનનો અંદાજ લગાવવામાં આવી રહ્યો હતો. હાલ સરકાર દ્વારા મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા ૭૨૬૩ રૂપિયા ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. સરકાર ખેડૂતદીઠ ૧૨૫ મણ મગફળીની ખરીદી કરશે.ઉલ્લેખનીય છે કે, કમોસમી વરસાદના કારણે પ્રાથમિક અંદાજ મુજબ, રાજ્યમાં ૨૪૯ તાલુકાના ૧૬૦૦૦થી વધારે ગામોમાં પાક નુકસાન થયું છે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ નુકસાનની સામે હાલની સ્થિતિએ ૭૦ ટકા અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ થઈ છે, જ્યારે બાકીના વિસ્તારોની કામગીરી ચાલી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા આ નુકસાનીનો સર્વે પૂર્ણ થતાની સાથે જ ટૂંક સમયમાં ઉદારતમ રાહત સહાય પેકેજ જાહેર કરવામાં આવશે.

# ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી કિસાન સંઘ નારાજ

ગાંધીનગર,

ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી ભારતીય કિસાન સંઘ પણ નારાજ છે. કૃષિ નુકસાની સામે સરકારે જાહેર કરેલ રાહત પેકેજ ખૂબ ઓછું ગણાવ્યું.

રાજ્ય સરકારના કૃષિ પેકેજ ઉપર ભારતીય કિસાન સંઘ પ્રદેશ મહામંત્રી આર. કે. પટેલે જણાવ્યું કે, સરકારે કયા માપદંડના આધારે ગણતરી કરી તે સમજાતું નથી. નુકસાની ખરેખર જેને થઈ છે, તેની સામે સરકારની રકમ કંઈ જ નથી. આગામી સમયમા ખેડૂતો આક્રોશિત થશે તો કિસાન સંઘ તેમાં જોડાશે. સરકારે કોઈ માપદંડ જાહેર કર્યા વગર જ રાહત પેકેજ જાહેર કરી દીધું છે. તેમણે આગળ કહ્યું કે, ખેડૂતોના માસ સમૂહમાં મદદ કરી છે તે આવકારદાયક છે. સરકારે રાહત પેકેજ અંગે પુનઃ વિચારણા કરવાની જરૂરું છે. ૧૦૦ ટકા નુકસાની અને ૨૫ ટકા નુકસાની બંનેને સરખું વળતર કેમ હોય શકે. સરકારે રાહત પેકેજ અંગે પુનઃ વિચારણા કરવાની જરૂરું છે. ૧૦૦ ટકા નુકસાની અને ૨૫ ટકા નુકસાની બંનેને સરખું વળતર કેમ હોય શકે. ૧૦,૦૦૦ કરોડના ઐતિહાસિક પેકેજની વાતો સરકાર કરતી હોય તો, ખેડૂતોના ભાગે શું આપ્યું એ મોટો પ્રશ્ન છે. ખેડૂતોનો ખર્ચાની વાત કરીએ તો, પર વીધે ૧૮૦૦૦ થી ૨૮૦૦૦ જેટલો ખર્ચ છે. આજે પ્રકારનું ખેડૂતોને નુકસાન થયું છે તે ખર્ચ પહેલા નુકસાનને બહાર કાઢવાનું પણ નથી.

કિસાન સંઘે કહ્યું કે, સરકાર અને સમાજ જેને ખરેખર નુકસાન થયું છે એના માટે કશું નથી. સમાજના સૃષ્ટિઓ સમાજના ઉદ્યોગપતિઓએ આગળ આવવું જોઈએ. સરકારે પોતાની મર્યાદા બતાવી દીધી કે બે હેક્ટર પૈસા આપી શકીશું. સરકારે પોતાની મર્યાદા બતાવી દીધી કે બે હેક્ટર પૈસા આપી શકીશું. સમાજે હવે આગળ આવવું પડશે. ખેડૂતોમાં સરકારના પેકેજથી અસંતોષ છે. ખેડૂતોમાં આક્રોશ છે. જો ખેડૂતો આગળ આવશે તો ભારતીય કિસાન સંઘ પણ ખેડૂતોના પડખે રહેશે.

આર.કે પટેલે કહ્યું કે, સરકારે જે આધારે આ પેકેજ જાહેર કર્યું છે તેનો આધાર મૂકવુ જોઈએ. ખેડૂતો માટે ઘાસચારો પણ ન આવે એ પ્રકારનું પેકેજ છે. સરકારે પુનઃ વિચાર કરવાની અમારી માંગ છે. સરકારે પિયત અને બિન પીયતની બાબત કાઢી નાંખી એ આવકારદાયક છે. સરકારે પુનઃ વિચાર કરવાની અમારી માંગ છે. સરકારે પિયત અને બિન પીયતની બાબત કાઢી નાંખી એ આવકારદાયક છે.

તો બીજી તરફ, ખેડૂતોને સરકારે આપેલી સહાય સામે અમિત ચાવડાએ આકરા પ્રહાર કરતા કહ્યું કે, રાજ્યના દરેક ખેડૂતના માથે ૫૬ હજારનું દેવું છે.

ખેડૂતોની વહારે આવવાને બદલે ખેડૂતોને સરકાર પડીકું આપી રહી છે. આજે જગતનો તાત તમામ રીતે હેરાન છે અને આર્થિક રીતે પાયમાલ છે. રાજ્યમાં ત્રણ દાયકાથી ભાજપનું શાસન છે.



# મોદી V/s ટ્રંપ ભાગ-૧

**Yogi Astrology**ના અંક ૧૪૭માં આપ સૌનું સ્વાગત છે. ભારતમાં જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડમાં વાદળ ફાટવાથી ઘણું નુકસાન થયું છે. આ ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્રમાં પણ ભારે વર્ષા થઈ રહી છે. વિશ્વમાં હજુ ગંભીર વરસાદથી સમસ્યા થશે. શની-નેપ્ચ્યુન યુતીથી વિશ્વમાં અતિભારે વરસાદ થઈ રહ્યો છે. મોદી સરકાર હાલ આંતરિક તથા બહાર શક્તિથી લડી રહ્યા છે. મોદી સરકાર દરેક માટે (પોલીટિશ્યન) નવો નિયમ લાવી રહ્યા છે.

આજે આપણે મોદી ફ/જ ટ્રંપ વિષય ઉપર વિચાર કરીશું. આજે વિશ્વમાં ભારત તથા અમેરિકા વચ્ચે સંબંધ કેવા રહેશે. હાલ ખેંચતાણ ચાલે છે. તો શું? આજે આપણે અમેરિકાની કુંડલી, ટ્રંપની કુંડલી, ટ્રંપ શપથ ગ્રહણની કુંડલી વિશે ચર્ચા કરીશું. ભારતની કુંડલી તથા મોદીની કુંડલી વિષય ઉપર ચર્ચા કરીશું.

ટ્રંપનો ૧૪ જુન ૧૯૪૬ જન્મ છે.

વૃશ્ચિક લગ્નમાં મંગળ, ચંદ્ર, ચોથા સ્થાનમાં ગુરુ કુંભમાં, પાંચમે રાહુ મીનમાં, દશમે સિંહ રાશીમાં શુક્ર, શની, અગિયારમે કુંભમાં સૂર્ય, બુધ, કેતુ.

સિંહ લગ્નમાં મંગળ, બીજે કન્યાનો ગુરુ, ચોથે વૃશ્ચિક ચંદ્ર-કેતુ, દશમે વૃષભમાં સૂર્ય, રાહુ, અગિયારમે મિથુનનો બુધ બારમે શની-શુક્ર

બંને કુંડલી જોતા મોદીની કુંડલીમાં વૃશ્ચિકનો ચંદ્ર, લગ્નમાં સાથે મંગળ, જ્યારે ટ્રંપની કુંડલી લગ્ને મંગળ છે. સિંહ લગ્નની કુંડલીમાં ચોથે વૃશ્ચિકનો ચંદ્ર-કેતુ જે નીચ રાજભંગ યોગ બને છે. જ્યારે મોદી ટ્રિપલ રાજભંગ બને છે. કેન્દ્રમાં ચંદ્ર-મંગળ, ચોથે ગુરુ તથા દસમે શની-શુક્ર છે. બંને રાશી એક હોવા છતા ટ્રંપ કરતા મોદીની કુંડલી ભારે છે. ટ્રંપની કુંડલીમાં ચંદ્ર વિકૃત બને છે. આથી તેના લક્ષણો સારા નથી. ચોથે ચંદ્ર ૨૭ ડિગ્રી જ્યારે ચંદ્ર ૨૮ ડિગ્રી ઉપર છે. ચંદ્ર-કેતુનો ગ્રહણ યોગ બને છે. ચોથું સ્થાન માતા તથા જનતાનું હોવાથી અહીં ગ્રહણ યોગ બને છે. દસમે સૂર્ય-રાહુ જેમાં સૂર્ય ૨૯ ડિગ્રી તથા રાહુ ૨૭ ડિગ્રી ઉપર છે. જ્યારે મોદી કુંડલી જોતા નામના પ્રસિદ્ધિ તથા વિશ્વ ઉપર વિશ્વાસ આપનાર બનશે. જ્યારે ટ્રંપની ખ્યાતિમાં ગ્રહણ લાગેલું છે. કર્મ સ્થાનમાં શુક્રના ઘરમાં સૂર્ય-રાહુ હોવાથી કોર્ટ કચેરી થાય. આ ઉપરાંત ટ્રંપ એ અમેરિકાને પતન તરફ લઈ જશે. હાલ ટ્રંપની પંચમેશ-અષ્ટમેષની દશા ચાલી રહી છે. જ્યારે મોદીની છઠ્ઠેશ, લગ્નેશ, મંગળની દશા ચાલે છે. ટ્રંપની ગુરુમાં શુક્રની અંતરદશા તેમાં ગુરુ દેવતાનો સલાહકાર તેમાં રાક્ષસોનો ગુરુ. આ બંને આવવાથી તેમની બુદ્ધિમાં ફેરફાર જોવા મળશે. આથી ટ્રંપના મનમાં મોદી મારી વાત માની લે. જ્યારે શુક્ર હોવાથી તેમણે અંહકારમાં કહે છે હું વિશ્વનો રાજા છું. આ વહેવારથી દુનિયામાં તેમની ના-પસંદગી થઈ રહી છે. જ્યારે મોદીની દશા તથા કુંડલી જોતા ટ્રંપ કરતા મોદીની કુંડલી કેટલા ગણી સારી છે. આથી મોદી એક સફળ શાસનકર્તા તરીકે બહાર આવશે. જ્યારે ટ્રંપ આ વ્યક્તિત્વથી તેના દેશમાં તેની નિંદા તથા પાર્ટીમાં વિદ્રોહ, અમેરિકાની જનતામાં ભારે નારાજગી જોવા મળશે. આ ઉપરાંત ટ્રંપના સમર્થક ડીપસ્ટેટ તે પણ વિરોધ કરશે અને એન્ટ્રી ડીપસ્ટેટ બંને વિરોધ કરીને ટ્રંપ માટે સત્તા સાચવવી ભારે પડશે.

મારા ઘણા લેખમાં લખ્યું છે કે અમેરિકાની પડતી આવશે. તેમાં લખ્યું હતું કે ડોલર તૂટશે અને અમેરિકા તૂટશે. અમેરિકાની પ્રભાવ રાશી મિથુન છે.


હાલ અમેરિકાની કુંડલીમાં શની વક્રી ચાલે છે. આ ઉપરાંત હાલ રાહુમાં શુક્રની દશા ચાલે છે. આથી મિત્ર રાષ્ટ્ર ધીરે ધીરે દૂર થશે. એ જ રીતે મોદીની મંગળની દશા ચાલે છે. મોદીની કુંડલી શત્રુહંત્રતા યોગ હોવાથી યુક્રેન, યુરોપ તથા અમેરિકા વચ્ચે કૂટનીતિ અજમાવીને યુરોપને વિચાર કરતા દીધા છે. ફ્રાંસ પાસેથી શસ્ત્ર લઈ મોદીએ અમેરિકા અને ફ્રાંસ વચ્ચે અંદરખાને પ્રોબ્લેમ કર્યા છે. આ ઉપરાંત મોદી ૨૪ દેશો સાથે રૂપિયામાં ધંધો કરે છે. હાલ **BRICS**માં નવા ચલણની વાત થઈ રહી છે. આથી વિશ્વમાં દરેક દેશને અંદરખાને ગભરાટ થઈ રહ્યો છે. ડોલરની કિંમત તૂટશે. આ ઉપરાંત મોદીની કુંડલી જોતા દશમે સૂર્ય હોવાથી પોતાના દેશ માટે કંઈ કરવા તૈયાર રહેશે. ભારતમાં નવા **Google,** માઈક્રોસોફ્ટ, ફેઈસબુક જેવા ઘણા નવા પ્રોગ્રામ શરૂ થશે. આ ઉપરાંત ભારતની મંગળની દશા શરૂ થવાની સાથે રાજસ્થાનમાં ઓઈલનો ભંડાર, લિથિયમ, ગોલ્ડ તથા અન્ય મેટલ મળતા રાજસ્થાન ભવિષ્યમાં સોનાની લંકા કહેવાશે. આથી મોદીના ગ્રહો જોતા અષ્ટમેશ લાભ સ્થાનમાં હોવાથી ભારત માટે ઘણા લાભદાયક કાર્ય કરશે.

ટ્રંપની કુંડલીમાં સૂર્ય રાહુની પકડમાં જ્યારે ચંદ્ર કેતુની પકડમાં છે. આથી બદનામી ઘણી હજુ આવશે. ત્યારે તેમની સામે મોદીની ખ્યાતિ હજુ વધશે. ૨૦૨૬ ફેબ્રુઆરી પછી મોદી વિશ્વ હસ્તી રૂપે નામના મળશે. ભારતમાં પણ તેમણે એક સારા વ્યક્તિરૂપે (ભગવાનના) હજુ આગળ વધશે.

મોદીની કુંડલીમાં છઠ્ઠાનો સ્વામી મંગળ પોતાની રાશીમાં લગ્ને હોવાથી દુનિયાના કોઈપણ નેતાને પોતાની વાત મનાવીને રહેશે. ટ્રંપની કુંડલી છઠ્ઠાનો સ્વામી બારમે ચંદ્રના ઘરમાં હોવાથી પોતે ડિપ્રેશન, ગુસ્સામાં આવીને ખોટા નિર્ણય લેશે. ટ્રંપની કુંડલીમાં શનીદેવ આઠમે ભ્રમણ કરે છે. ત્યાંથી દશમ ભાવે વક્ર દ્રષ્ટિ જોઈ રહ્યા છે. દશમે રાહુ-સૂર્ય બેઠા છે આથી ટ્રંપના નીચે પડવાના સંકેત બતાવે છે. આ ઉપરાંત એપિસ્ટન ફાઈલ જરૂર ખૂલશે. તેમાં ઘણા નેતાઓ તથા ટ્રંપની છોકરી સાથે સંબંધ બહાર પડશે. જે ડીપ સ્ટેટ ભારત માટે કરતા હતા તે જ ડીપ સ્ટેટ અમેરિકામાં ટ્રંપને સત્તા ઉપરથી હટાવવા માટે કામ કરશે. આ ઉપરાંત ધીમે ધીમે ડોલર તૂટશે તેમ તેમ અમેરિકાની પકડ વિશ્વ ઉપરથી ઓછી થશે. ૨૦૨૭ સુધીમાં ડોલરની કિંમત ઘટશે. હાલ મોદી ૨૪ દેશો સાથે રૂપિયામાં કારોબાર શરૂ કર્યો છે. પછી ૨૦૨૬ અંત સુધી ૧૨૪ દેશોમાં રૂપિયો બોલશે. આ ઉપરાંત મોદીએ ગોલ્ડનો સંગ્રહ શરૂ કર્યો છે. આથી આવનાર સમયમાં ગોલ્ડનો ભાવ ઘણો ઊંચો જોવા મળશે.

અમેરિકાની હાલ રાહુ મહાદશા તથા શનીની અંતરદશા ચાલે છે. જે અમેરિકાની મારક અંતરદશા બતાવે છે. શની સપ્તમેશ (મારક) મારકના સ્થાનમાં બેઠો છે. જેથી વિશ્વમાં ભાગીદારીમાં પતન થશે. બારમે બુધ-રાહુ જે વાણીમાં કંટ્રોલ ખોશે. અમેરિકાની કુંડલીમાં શની બીજેથી લાભ ઉપર દ્રષ્ટિ કરે છે. આથી તેમણે જે લાભ થવો જોઈએ એ થશે નહીં. આવનાર સમયમાં ગ્રહણો પણ થઈ રહ્યાં છે. આવનાર સમય વિશ્વ તથા અમેરિકા માટે ઘણો ખરાબ રહેશે.

આ વિષય ઉપર પાર્ટ-૨માં લખીશ. **Yogi Astrology**ની મુલાકાત લઈ તમારા જીવનમાં આવનાર સમસ્યા માટે જરૂરથી મારી મુલાકાત લેશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ તથા **www.yogiastrology.ca** ઉપર મુલાકાત લેશો. મારું **Email : yogiastro@yahoo.com** ઉપર તમારી જન્મ તારીખ, સમય તથા જન્મ સ્થળ મોકલી તમારી સમસ્યા દૂર કરો.




# ૭- આઈસી સ્ટ્રેટ પોઈન્ટ- અલાસ્કા

અલાસ્કા નામ સાથે હિમાચ્છાદિત, અતિ સુંદર પ્રાકૃતિક પ્રદેશની એક છબી મનમાં આકાર લેવા માંડે જે સાચે જ અહીં આવીને સાકાર થતી લાગે.

કુદરતી સૌંદર્યથી છલોછલ ચિચાગોફ ટાપુ પર આવેલું 'આઈસી સ્ટ્રેઈટ પોઈન્ટ' ક્રૂઝ બંદર તરીકે બનાવવામાં આવ્યું હતું. ક્રૂઝમાંથી ઉતરીને લાકડાના બોર્ડવૉક પર ચાલીએ ત્યારે કીટ પ્લાઝા પર ઓરકા (વ્હેલ)ની કાંસ્ય પ્રતિમા જોવા મળી.

જૂન ૨૦૨૧માં નોર્વેજિયન ક્રૂઝ લાઈનના પ્રમુખ અને સીઈઓ ફ્રેંક ડેલ રિઓએ હૂના ટોટેમ કોર્પોરેશનને ભેટરૂપે આપેલી આ આ પ્રતિમા અમેરિકન કલાકાર રોબર્ટ વાઈલૅન્ડે બનાવી છે. ૧૯૯૩માં એમણે સમુદ્ર અને સમુદ્રી જીવસૃષ્ટિનું રક્ષણ કરવા માટે એક ફાઉન્ડેશનની સ્થાપના કરી.

જે દિવસે 'આઈસી સ્ટ્રેટ પોઈન્ટ' પર જવાનું હતું તે સવારથી જ 'આઈસી સ્ટ્રેટ પોઈન્ટ' પર તો ઠરી જ જઈશું એ સમજીને હાથનાં મોજાં, કાનટોપી, મફલર, થર્મલથી લઈને જેકેટ સુધી ગરમ કપડાંમાં ઢબુરાઈને જ નીકળ્યાં હતાં.

'આઈસી સ્ટ્રેટ પોઈન્ટ' પર જવા બે ડૉક છે, પણ ત્યાં સુધી પહોંચવા તેમના વચ્ચે કોઈ રસ્તો નથી તેથી અહીં બે ગોન્ડોલાની વ્યવસ્થા કરવામાં આવી છે. કોઈ પણ ગોન્ડોલામાં એક વ્હીલચેર સમેત ચાર જણ બેસી શકે એટલી મોકળાશ હતી.

પહેલાં 'ગ્રીન' ગોન્ડોલા દ્વારા થોડે સુધી ઉપર ગયાં જે પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની જેમ ફ્રી હતી. પછી બીજી લાલ ગોન્ડોલા લઈને એથી વધુ ઉપર જવાનું હતું જેનું અગાઉથી બુકિંગ કરાવી લીધું હતું. સતત ફરતી રહેતી ગોન્ડોલા માટે માંડ એક મિનિટ પણ ઊભા રહેવું પડ્યું નહોતું.

બીજી ગોન્ડોલામાં બેસીને ઉપર તરફ જતાં તો જાણે ફૉગથી ઘેરાઈને આગળ વધતા હોઈએ એવી પ્રતીતી થઈ. સવારે ક્રૂઝ પરથી નીકળ્યાં ત્યારે સરસ મઝાનો તડકો હતો ને વાતાવરણે અચાનક પલટો લીધો. સૂર્યના ઉજાસ પર ધુમ્મસનું ગાઢું આવરણ આવી ગયું. આભને આંબવા જઈને છીએ કે ધુમ્મસના દરિયા વચ્ચે લહેરાઈ રહ્યા છીએ એ ભેદ કળવો પણ મુશ્કેલ હતો. દૂરથી દરિયાનો ઘુઘવતો આછો આછો અવાજ, પવનની થપાટો, હવાના સૂસવાટાના અજબ સંમિશ્રણ વચ્ચે 'ખામોશી' ફિલ્મનુ ગીત યાદ આવી ગયુ. "સિર્ફ એહસાસ હૈ યે રૂહસે મેહસુસ કરો"

એ અનુભવને અમે નામ આપ્યું- **'Foggy Bay And Foggy Day'.**

ગોન્ડોલામાં ઉપર પહોંચતા સુધી આસપાસ કશું જ ન દેખાતું હોય અને ઉપર પહોંચ્યાને અચાનક અજવાસ થતાં બધું ઝળહળ..એ ક્ષણે કોઈ અજાણી ધરતી પર પહોંચી ગયાની એ અજબ જેવી લાગણી આજે અકબંધ જ છે. 'આઈસી સ્ટ્રેટ પોઈન્ટ' પર વિઝિટર સેન્ટર છે ત્યાંથી કૉફી કે ગરમ પીણું લઈને નાનાં નાનાં તાપણાં કરીને ટોળે વળેલા લોકો જરા પોરો ખાઈને આગળ ટ્રેક પર ચાલવા માંડતાં. પથ્થરીલી એ ટ્રેક પર ચાલવા માટે ત્યાં તૂટીને પડેલી જરા મજબૂત ડાળીઓનો ટેકો સારો કામ લાગ્યો. એ ઉખડખાબડ ટ્રેક પસાર કરીને જ્યાં પહોંચ્યાં ત્યાં સાવ જરા નાનું અમસ્તુ લેક નજરે આવ્યું. જમીનની ઉપર સાવ નાનું દેખાતું અને જમીનની નીચે લગભગ ૨૪ ફીટ જેટલું ઊંડાણ ધરાવતા આ લેકને 'હિડન લેક' નામ આપવામાં આપવામાં આવ્યું છે. લેક સુધી પહોંચતાં ઠેર ઠેર 'બેર'થી સાવધ રહેવાની સૂચના લખેલા બોર્ડ હતા, જોકે સાથે જે ગાઈડ હતી એનાં કહેવા મુજબ મોટાભાગે આ વનનાં પ્રાણીઓ વહેલી સવારે, મોડી સાંજે કે રાત્રે જ નીકળતાં હોય છે એટલે ડરવાની જરૂર નહોતી.

ચારેકોર લીલાંછમ વૃક્ષોની વચ્ચે ઘેરાયેલું 'હિડન લેક' માતાની ગોદમાં રમતાં બાળક જેવું લાગ્યું. લેક સુધી પહોંચવા ઉતરાણ હતું એટલે ચાલવું સરળ હતું. પાછાં વળતાં ત્યાં સમર જોબ કરતી એક છોકરી ખુલ્લી રીક્ષા જેવું સ્કૂટર લઈને ઊભી હતી એટલે ચઢાણમાં વાંધો ન આવ્યો.

'આઈસી સ્ટ્રેટ પોઈન્ટ' પરથી ફર્યા ત્યારે ફરી અમારું ગ્રૂપ બે ભાગમાં વહેંચાઈ ગયું. ઉત્સાહીઓનું એક ગ્રૂપ હૂનાહ શહેરની મુલાકાતે ઉપડ્યું. હૂનાહ જવા રાઉન્ડટ્રિપ શટલ સર્વિસ છે, પણ અહીં ટોટેમ પોલ્સ અને ટ્લિંગિટ સંસ્કૃતિને નજીકથી જોવા માટે ઉત્સાહીઓએ ચાલીને શહેર જોવાનો વિકલ્પ પસંદ કર્યો. અને અમે સીનિયર સિટિઝન સીધા ક્રૂઝ પર પહોંચ્યાં. અલાસ્કાના અન્ય શહેરોની સરખામણીમાં, હૂનાહ નાનું છે, પણ તેનું સૌંદર્ય મનમોહક છે. એવું એમને લાગ્યું. પ્રવાસીઓ માટે હૂનાહનું સૌથી મોટું આકર્ષણ દરિયાઈ ઑટર, બાલ્ડ ઈગલ્સ અને હમ્પબૅક વ્હેલનું છે. જાણવા મુજબ અલાસ્કામાં ૩૦.૦૦૦થી વધુ બાલ્ડ ઈગલ્સ છે, જે ઉત્તર અમેરિકાની કુલ ઈગલ વસ્તીના લગભગ ૪૦/ ૫૦% જેટલી માનવામાં આવે છે.

ક્યારેક દોડી દોડીને જોવા જાવ તો એકેના દર્શન ન થાય અને અમને ક્રૂઝ પર પહોંચતાની સાથે જ ડૉક પર બેઠેલું બાલ્ડ ઈગલ જોવા મળ્યું અને સદ્ભાગ્યે રૂમ પર પહોંચ્યાં ત્યારે રૂમની બાલ્કનીમાંથી લાંબા સમયે નિરાંતે મળેલી સખીઓની જેમ રમતી કૂદતી બારેક જેટલી હમ્પબેક વ્હેલ જોવા મળી. બપોરે ક્રૂઝ પર પાછાં ફર્યા પછી બાકીનો દિવસ ક્રૂઝ પરની એક્ટિવિટી કરી. ક્રૂઝ પર ફીટનેસ માટે સ્વીમિંગ પૂલ, હોટ-ટબ, જાકુઝી, ટ્રેડમિલની જોઈએ એટલી સગવડ મળી રહે અને જુદી જુદી ગેમ રમાડવાની એકટિવિટી પણ ખરી જ. સમય તો ક્યાં પસાર થઈ જાય એ ખબર પડે એ પહેલાં રાત પડી ગઈ ને ક્રૂઝ ઉપડી બીજા ગંતવ્ય સ્થાને.



આલેખનઃ રાજુલ કૌશિક

# ધોરણ ૧૦ અને ધો.૧૨ ની પરીક્ષા ફીમાં તોતિંગ વધારો

ગાંધીનગર,

**GSHEB**એ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં વધારો કર્યો છે. ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં કરાયો ૫ ટકાનો વધારો કર્યો. તો ધો.૧૦ની અગાઉ લેવાતી ફીમાં ૨૦નો વધારો કરી ૪૨૫ રૂપિયા થયા. ધો.૧૨ સામાન્ય પ્રવાહની અગાઉ લેવાતી ફીમાં ૨૫ રૂપિયાનો વધારો કરાયો.ધો.૧૨ સામાન્ય પ્રવાહની અગાઉ લેવાતી ફીમાં ૨૫ રૂપિયાનો વધારો કરાયો. આમ, પરીક્ષા ફીમાં સતત વધારો કરતા ત્રણ વર્ષમાં ૨૦ ટકાનો વધારો થયો.

મોંઘવારીનો માર ઓછો હતો, ત્યાં હવે લોકો પર તેમના સંતાનોની ફીનો વધારો ઝીંકવામાં આવનાર છે. ગુજરાત શિક્ષણ બોર્ડે વર્ષના અંતમાં ફી વધારાનો મોટો નિર્ણય લીધો છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા જાહેરાત કરાઈ કે, આગામી ફેબ્રુઆરી મહિનામાં બોર્ડની પરીક્ષા યોજાનારી છે.ગુજરાત શિક્ષણ બોર્ડે વર્ષના અંતમાં ફી વધારાનો મોટો નિર્ણય લીધો છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા જાહેરાત કરાઈ કે, આગામી ફેબ્રુઆરી મહિનામાં બોર્ડની પરીક્ષા યોજાનારી છે. ત્યારે એ પહેલા **GSHEB** એ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં કર્યો વધારો ઝીંક્યો છે.ત્યારે એ પહેલા **GSHEB** એ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં કર્યો વધારો ઝીંક્યો છે. ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં ૫ ટકાનો વધારો કરાયો છે.

પરીક્ષા ફીમાં સતત વધારો કરતા ત્રણ વર્ષમાં ૨૦ ટકાનો વધારો થયો છે. ધો.૧૦ની અગાઉ લેવાતી ફીમાં ૨૦નો વધારો કરી ૪૨૫ રૂપિયા કરાયા છે.

૧૨ સામાન્ય પ્રવાહની અગાઉ લેવાતી ફીમાં ૨૫ રૂપિયાનો વધારો

ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ફી હવે ચૂકવવી પડશે ૫૯૦ રૂપિયા

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની અગાઉ લેવાતી ફીમાં ૩૦ રૂપિયાનો વધારો

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ફી હવે ચૂકવવી પડશે ૭૨૫ રૂપિયા

આ વધારાની સીધી અસર લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પર પડશે.

પરીક્ષા ફીમાં સીધો ૧૦ ટકાનો વધારો વાલીઓના બજેટને મોટી અસર કરશે. ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખો જાહેર થઈ ગઈ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે.

# વાડોદર પાસે નાકાબંધી કરી ૭૭ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

પંચમહાલ,

પંચમહાલ-ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચે મોરવા તાલુકાના વાડોદર ગામેથી એક મોટી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. **LCB** એ ચોક્કસ બાતમીના આધારે નાકાબંધી ગોઠવી મગફળીની બોરીઓ નીચે છુપાવેલો વિદેશી દારૂનો વિપુલ જથ્થો જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે રૂ. ૭૭.૧૬ લાખના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

પંચમહાલ **LCB**ને બાતમી મળી હતી કે, એક ટાટા ટ્રક (નંબર જી.જે.૨૩ વી. ૮૨૫૮) માં અલગ ખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. આ ટ્રકનું પાઈલોટીંગ એક મારૂતી સ્વીફ્ટ કાર (નંબર આર.જે. ૦૩ સી.સી. ૨૬૩૮) કરી રહી હતી અને વાહનો સંજેલી તરફથી મોરવા હડફ તરફ આવી રહ્યા હતા.આ બાતમીના આધારે **LCB** સ્ટાફે વાડોદર ગામે રોડ ઉપર નાકાબંધી કરી હતી. બાતમીવાળા બંને વાહનો આવતા જ પોલીસે તેમને અટકાવ્યા હતા. ટ્રકની તલાશી લેતા ૯૦ મગફળીની બોરીઓ નીચે બનાવેલા ગુપ્ત ખાનામાંથી પોલીસે દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. ટ્રક, કાર, મગફળીની બોરીઓ, તાડપત્રી, દારૂનો જથ્થો અને અન્ય સામાન મળી કુલ રૂ. ૭૭,૧૬,૨૪૪/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે પરેશભાઈ શાન્તુભાઈ ચારેલ (રહે. ફતેપુરા, દાહોદ), ઈરફાનખાન યુસુફખાન પઠાણ (રહે. બાસવાડા, રાજસ્થાન), અબ્દુલ ફારૂક એહમદખાન પઠાણ. (રહે. બાસવાડા, રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું

02-11-2025_41 Jan Fariyad_P-2